# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

India's National Spiritual Newspaper

₹ 10/-

REACHING NATIONS

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXV | NOVEMBER 2023 | NO: 09


**પવિત્ર બાઈબલ**
**કૃપા કરી આ ભાગ મોઢે કરો**
**પ્રભુની સ્તુતિ થાઓ!!**

ગીતશાસ્ત્ર ૧૩૮ : ૧-૮

૧. હું ખરા હૃદયથી તારી આભારસ્તુતિ કરીશ; હું દેવોની આગળ તારાં સ્તોત્ર ગાઈશ.

૨. હું તારા પવિત્ર મંદિર ભણી ફરીને ભજન કરીશ, તારી કૃપા તથા સત્યતાને લીધે હું તારું નામ વખાણીશ; કેમ કે સર્વ કરતા તેં તારા નામનું માહાત્મ્ય વધાર્યું છે.

૩. મેં વિનંતી કરી તે જ દિવસે તેં મને ઉત્તર આપ્યો, અને આત્મબળ આપીને મને બળવાન કર્યો.

૪. હે યહોવા, પૃથ્વીના સર્વ રાજાઓએ તારા મુખનાં વચન સંભળ્યાં છે, તેથી તેઓ તારી સ્તુતિ કરશે.

૫. હા, તેઓ યહોવાના માર્ગો વિષે ગાશે; કેમ કે યહોવાનો મહિમા મહાન છે.

૬. જો કે યહોવા મહાન છે, તો પણ તે દીન જનો પર લક્ષ રાખે છે; પણ ગર્વિષ્ઠોને તો તે વેગળેથી ઓળખે છે.

૭. જો મારે સંકટમાં ચાલવું પડશે, તો પણ તું મને જિવાડશે; મારા શત્રુઓના ક્રોધની સામે તું તારો હાથ લાંબો કરશે, અને તારા જમણો હાથ મને તારશે.

૮. મારા સંબંધનું જે છે તે સર્વ યહોવા પૂર્ણ કરશે; હે યહોવા, તારી કૃપા સદાકાળ ટકનાર છે; તું તારા હાથનાં કામોનો ત્યાગ ન કર.

# તમારી લડાઈ પસંદ કરો



*Rev. Angeline Selvakumari*

RECOGNIZE YOUR BATTLE FIELD!

હાલમાં હું મારા કુટુંબ સાથે મારા એક મિત્રની મુલાકાતે ગઈ હતી, જેને મેં ઘણા સમયથી જોયો નહોતો. હું તે મુલાકાત માટે ઘણી ઉત્સાહિત હતી. જો કે નવા રસ્તાઓ અને વળાંકોને કારણે, મેં ગુગલ નકશા પર માર્ગદર્શન માટે આધાર રાખવાનું નક્કી કર્યું. આશ્ચર્યજનક રીતે, હું ભૂલી પડી ગઈ. મારે ચોક્કસ કહેવું જોઈએ, ગુગલ નક્શાને બનતું માન આપતા કે, તે મને શ્રેષ્ઠ માર્ગ પર દોરી રહ્યું હતું, પણ તે માર્ગ ખરેખર યોગ્ય માર્ગ નહોતો. મેં મારી જાતને વળાંકોની વચ્ચે ફરતી રહેતી જોઈ અને મને મોડુ થઈ રહ્યું હતું તેથી હું ધીરજ ગુમાવવા લાગી.

હું માનું છું કે તમારામાંના ઘણા આવા અનુભવ સાથે સંકળાયેલા હશો. જ્યારે ટ્રાફીક સિગ્નલ પર રાહ જોતા, મારે સીધા જવું કે વંળાક લેવો તે વિશે અનિશ્ચિત થતી વખતે, મેં જોયું કે જે રસ્તો ગુગલ બનાવી રહ્યું હતું, તે ઘણો સાંકડો હતો. મને ખાતરી નહતી કે હું આવા સાંકડા રસ્તા પર મારી ગાડી હાંકી શકીશ કે નહિ. મારી મુંઝવણ દૂર કરવા, મેં મારી આગળના એક બાઈક ચાલકને રસ્તાના માર્ગદર્શન માટે પૂછ્યું. મારી હળવાશની વચ્ચે, તેણે જણાવ્યું કે જ્યાં હું જવા માગતી હતી, તે ગંતવ્ય સ્થળ પર જ તે રહેતો હતો અને મને તેણે માર્ગદર્શન આપવાની રજૂઆત કરી. કેટલી મોટી રાહત મળી હતી! શ્રેષ્ઠ માર્ગ એ હતો કે જો કે હું બાઈક સવારને અનુસરી રહી હતી, મારી માર્ગચાલક પદ્ધતિ મને અલગ માર્ગ

(અનુસંધાન પાન ૩ પર)




ઈકો ઓફ હીઝ કોલ

**ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !**

**પાળક એસ. સામ સેલ્વરાજ સાથે**

**પ્રાર્થના કરવાની એક તક!**

**પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!**

અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ

**Every day – From 2.00 A.M.**

**તમિલ રવિવારની ભજનસેવા – સવારે ૮.૩૦ વાગે**

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)



***from your dearly beloved brother...***



## આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઇએ અને શીખવવું જોઇએ. આ સમયની જરૂરિયાત છે.


**HON. EDITOR-IN-CHIEF**
Rev. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.

**MANAGING EDITOR**
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**GENERAL MANAGER**
Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDHRM., MBA.

**ADMINISTRATION**
Sis. Jesy Veena Sam
Bro. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)

**EDITORIAL BOARD**
Sis. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Sis. L. Mariya Anjalin, M.A., M.Sc., B.Ed.
Rev. Dr. K.R. Rajasekaran



**EDITOR, PUBLISHER & PRINTER**
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858
95661 31858

**E.MAIL ID**
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

**YOUTUBE CHANNEL**
Echo of His Call


## તમારા પર દયા, શાંતિ તથા પ્રેમ પુષ્કળ થાઓ – યહૂદાનો પત્ર ૧:૨

પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં વહાલા પ્રિય ભાઈઓ તથા બહેનો!

આપણા ઈશ્વર પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા તમારી સાથે રહો. અમે આશા રાખીએ છીએ કે તમે સારું કરી રહ્યા છો. અમે તમારી જરૂરીયાતો માટે પ્રાર્થના કરવાનું ચાલુ રાખ્યું છે.



બહેન સાજીની ચેરીયન



ભાઈ વિલ્હેમ જેકોબસ પ્રિટોરીયસ

ઈશ્વરની મિનિસ્ટ્રી **ઈકો ઓફ હીજ કોલ** માટે સર્વ સ્વર્ગીય વ્યવસ્થાઓ પૂરી પાડવા માટે અમે ઈશ્વરના આભારી છીએ. અમે ઈશ્વરના ઘણા આભારી છીએ કે તેમણે વહાલી બહેન સાજીની ચેરીયનને અમારી અંગ્રેજી સહસંપાદિકા તરીકે અને ભાઈ વિલ્હેમ જેકોબસ પ્રિટોરીયસને અમારા આફ્રિકન્સ સહસંપાદક તરીકે આપ્યા છે. તેમને તથા બાકીના બીજા ૧૪ સહસંપાદકો અને તેમના સહાયકો જે તેમની સાથે તેમના કામના સ્થળોએ કામ કરી રહ્યા છે, તેમને કૃપા કરીને યાદ રાખશો.

અમને અમારી **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીજની સર્વ પ્રવૃત્તિઓ માટે સારો પ્રતિસાદ મળી રહયો છે. દુનિયાભરમાંના લોકોનાં જીવનોને પ્રભુ સ્પર્શી રહ્યા છે. તેમના રાજ્યના બાંધકામ માટે ઈશ્વર પ્રભુ અમારો ઉપયોગ કરી રહ્યા છે તે માટે અમે ઘણા આભારી છીએ.

જેમ અમે પહેલા પણ તમને લખ્યું હતું, હાલના દિવસોમાં અમે ઘણા પ્રકારની આત્મિક લડાઈઓમાંથી પસાર થઈ રહ્યા છીએ. તેથી અમે તમને અમારા માટે પ્રાર્થના કરવા વિનંતી કરીએ છીએ.

પણ પ્રતિકુળ આત્મિક પરિસ્થિતિ હોવા છતાં, જેમાંથી અમે પસાર થઈ રહ્યા છીએ, અમે તમારા ભલા માટે પ્રાર્થના કરવાનું છોડી દીધું નથી. કેમ કે, દુનિયાની પદ્ધતિ રોજ રોજ બદલાતી રહી છે, દુનિયાભરના ઈશ્વરના સેવકો તરીકે આપણને સર્વશક્તિમાન ઈશ્વર તરફથી ખાસ સ્પર્શ અને સુરક્ષાની જરૂર છે, જેથી અમે આ દુનિયાના લોકો પર અમારા પરનો અભિષેકનો બદલો આપી શકીએ. અમે કહી શકીએ કે, અમે આ આત્મિક લડાઈની આગળની હરોળમાં છીએ. આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણા નાયક તથા રક્ષક છે.

આમીન!

ઈશ્વર તમને વધુને વધુ આશીર્વાદિત કરો!

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**

**પાળક એસ. સામ સેલ્વ રાજ અને એલેક્ષ સેમસન સામ**

(+91) 98412 71858 / 98410 71858, E.mail : sam@echoofhiscall.org


**Our Ministries:** ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) ◘ BIBLECOR - Postal Courses (3 languages) ◘ Media Ministry ◘ Online Courses ◘ Theological Correspondence Courses (2 languages) ◘ Church Planting ◘ Nehemiah Bible Colleges ◘ Gospel Printing Press ◘ Great Commission Partners ◘ St. Paul's Matriculation School ◘ Crusades ◘ Community Development

(પાન ૧થી આગળ...)

માટે સલાહો, પૂરી પાડી રહી હતી. જો કે, મેં મારી માર્ગચાલક પદ્ધતિને પૂર્ણ પણે અવગણવાનું નક્કી કર્યુ હતું, કારણ કે જે વ્યક્તિને હું અનુસરી રહી હતી. તેનામાં મને પૂર્ણ વિશ્વાસ હતો. તે માર્ગને સારી રીતે જાણતો હતો અને ત્યાં પહેલા પણ ગયો હતો. માર્ગદર્શન માટે કોઈના પર આધાર રાખવો એ ખૂબ જ રાહતની વાત હતી.

શું તમે ક્યારેય ઈચ્છા રાખી છે કે તમારી પાસે આવી રીતે તમારા જીવનને દોરવણી આપવા માટે કોઈ હોય? કોઈક જે તમારા માટે કઠીણ અને જટિલ નિર્ણયો તમારા વતી લઈ શકે અને તમારે ફક્ત તે પ્રમાણે કરવાનું હોય? માનો કે ન માનો, આપણી પાસે આવા કોઈક છે. તેમનું નામ ઈસુ ખ્રિસ્ત છે. તેઓ આપણો ભૂતકાળ, વર્તમાન અને આપણું ભવિષ્ય પણ જાણે છે. તેઓ પહેલેથી જ આપણા માટે આવતી કાલ છે. આપણી પાસે જે બાબતો આવી જાય તે વિશે તેઓ પહેલેથી જ જાણે છે. આ છે કારણ કે, **"તેમણે જગતના મંડાણની અગાઉ આપણને એનામાં પસંદ કર્યા છે"**. (એફેસીઓને પત્ર ૧:૪). તેમની પાસે આપણ દરેકને માટે સુંદર યોજના છે. જેમ યર્મિયા ૨૯:૧૧ જાહેર કરે છે, **"કેમ કે જે ઈરાદાં હું તમારા વિષે રાખું છું તેઓને હું જાણું છું, એવું યહોવા કહે છે. એ ઈરાદા ભવિષ્યમાં તમને આશા આપવા માટે વિપત્તિ લગતા નહિ પણ શાંતિને લગતા છે."**

ભલે ગમે તે થાય, આપણા જીવનો નિઃશંકપણે તે યોજનાને અનુસરશે જે સર્વશક્તિમાને આપણા માટે નિર્ધારિત કરી છે. આમાં જીવનના સારા પડકારજનક અને પ્રતિફળ પાસાઓનો સમાવેશ થાય છે.

## ૧. સારી લડાઈ લડો : યોધ્ધા બનો; ચિંતા કરનાર નહિ!

તે નિર્ણાયક છે ઓળખવું કે જે પરિસ્થિતિઓને આજે આપણે પડકારજનક, મુકાબલાવાળી અને મુજવણાભરી સમજીએ છીએ, તે આખરે આપણા લાભ માટે જ હોય છે. ઈશ્વરે આપણ દરેકને યોધ્ધા તરીકે બોલાવ્યા છે, નહિ કે ચિંતા કરનાર તરીકે. અવારનવાર, જીવનની પરીક્ષાઓ આપણને નિરાશામાં દોરી જાય અને આપણે જીવનના હેતુના દ્રષ્ટિને ગુમાવી બેસીએ, તોપણ, આવો આપણે તે ન ભૂલીએ કે ઈસુ ખ્રિસ્ત આ જગતમાં આવ્યા, વધસ્તંભ પર મરણ પામ્યા, અને ફરી સજીવન થયા, આપણને તે બતાવવા કે ત્યાં અનંતજીવન છે. આપણું હાલનું જીવન ક્ષણિક છે, અનંતજીવનના આવવા માટે તાલીમ કેન્દ્ર તરીકે સેવા આપતું. **"જે સર્વ બાબતો આપણે અહીં અનુભવીએ છીએ તે સર્વ તેમની પ્રતિમામાં રૂપાંતરિત કરવાની છે"**. (૨ કરિંથીઓને પત્ર ૩:૧૮). જેમ પાઉલ ૧ તિમોથીને પત્ર ૬:૧૨માં કહે છે, **આપણા અસ્તિત્વના હેતુ છે અનંતજીવનમાં પ્રવેશવાનો, અનંતજીવન ધારણ કરવાનો, તેથી આપણને સારી લડાઈ લડવા માને તેડવામાં આવ્યા છે.**

પાઉલના શબ્દોમાં, "વિશ્વાસની સારી લડાઈ લડ, અનંતજીવન ધારણ કર; એને સારુ તને તેડવામાં આવ્યો છે અને એને વિષે તેં ઘણા સાક્ષીઓની સમક્ષ સારો ઈકરાર કર્યો છે."

આ ઉમદા લડાઈ આપણે કેવી રીતે લડી શકીએ? તે ફક્ત વિશ્વાસ દ્વારા જ છે. વિશ્વાસ વગર, આપણે આ ન્યાયી લડાઈ લડી શકવા અસમર્થ છીએ અને તેના વગર, આપણે અનંતજીવન પ્રાપ્ત કરી શકતા નથી. આ સૂચવે છે કે આપણે આપણા અસ્તિત્વના હેતુને ગુમાવી રહ્યા છીએ. ગીતશાસ્ત્ર ૧૪૪:૧ સુંદર રીતે જણાવે છે, **"યહોવા મારો ખડક છે, તેને ધન્ય હો; તે મારા હાથને યુદ્ધ કરતાં, અને મારી આંગળીઓને લડતાં શીખવે છે"**.



ભગવાન મારી આંગળીઓને યુદ્ધ માટે તાલીમ આપો

ઈશ્વર આપણને તાલીમ આપનાર શિક્ષક છે, આપણને લડાઈને માટે તૈયાર કરતા. તેઓ સૈન્યોના યહોવા પ્રભુ છે, જીવનના પડકારોનો સામનો કરવા માટે આપણને સામર્થ્યવાન કરતા. નિર્ગમન ૧૫:૩ જાહેર કરે છે, **પ્રભુ યોધ્ધા છે, તેમનું નામ યહાવા પ્રભુ છે.** તેઓ ઈચ્છે છે કે આપણે પણ તેમની જેમ યોધ્ધા બનીએ અને ચિંતા કરનારાં નહિ. વિસામાની ખાતરી સાથે, આપણે **"સર્વજ્ઞાતાના સેનાપતિની"** દોરવણી હેઠળ છીએ. તેથી, છોડી દેશો નહિ! યાદ રાખો, આપણે એ લડાઈ લડી રહ્યા છીએ, જે આપણા સેનાપતિ પ્રભુએ પહેલેથી જ કાલવરીના વધસ્તંભ પર જીતી લીધી છે.

## ૨. લડવા માટેનાં હથિયારો!

લડાઈ લડવા માટે, ઈશ્વરે આપણને શક્તિશાળી હથિયારો આપ્યા છે. કરિંથીઓના ૨જા પત્રમાં આપણે આ હથિયારો વિશેષ વાંચીએ છીએ; "કેમ કે અમારી લડાઈના હથિયાર સાંસારિક નથી, પણ દેવની સહાયથી કિલ્લાઓને તોડી પાડવાને તેઓ સમર્થ છે."

આ હથિયારો એટલા શક્તિશાળી છે કે, તેઓ મજબૂત કિલ્લાઓનો પણ નાશ કરી શકે છે, તે પછી પાપ હોય કે બંધન હોય કે પેઢી દરપેઢીનો શાપ હોય, જેને કારણે આપણને નિષ્ફળતા જેવું લાગ્યા કરે. જો તમે તમારા કુટુંબોમાં, વારંવારની માંદગી કે ભંગાણના નમૂનાને જોતા હો તો, આ સમય છે આ હથિયારોનો ઉપયોગ કરવાનો. જે રક્ત આપણા માટે કાલવરીના વધસ્તંભ પર વહેવડાવવામાં આવ્યું હતું, તેનો દાવો કરો. આવો આપણે હથિયારનો ઉપયોગ કરવાનું શરૂ કરીએ – ઈશ્વરનો, આપણા જીવનોની લડાઈ સામે લડવા માટે.

## બધી લડાઈઓ લડવાની જરૂર નથી!

જો કે, આપણે સમજવાની જરૂર છે કે, આપણે બધી લડાઈઓ લડવાની જરૂર નથી. કેટલીક લડાઈઓ કે પડકારો આપણને આપણી મુખ્ય લડાઈથી વિચલિત કરવા

આવે છે. આપણે આપણી લડાઈઓ ડહાપણથી પસંદ કરતા શીખવાની જરૂર છે. તમારી શક્તિ, સમય અને સામર્થ્યને અનિચ્છનીય લડાઈઓ લડવામાં વેડફી ન નાખો. જો આપણે દરેક લડાઈઓમાં ઉતરીએ જે આપણા જીવનોમાં આપણી સામે આવે છે, તો આપણે ઘસાઈ જઈશું અને થાકી જઈશું. આપણે ખરી લડાઈ ચૂકી જઈશું, જેને લડવા માટે ઈશ્વરે આપણને તેડ્યા છે.

## જેટલું મોટું તેડું, તેટલા મોટા પડકારો!

જ્યારે ઈશ્વરે આપણને મહાન આદેશ માટે તેડ્યાં છે, ત્યારે ત્યાં તેને પરિપૂર્ણ કરતા આપણને અટકાવવા માટે પડકારો આવશે. જો કે, જો આપણે પડકારો પર વધુ પડતું ધ્યાન કેન્દ્રિત કરીશું, તો આપણે તેમની પાછળ રહેતા આશીર્વાદોને ગુમાવીશું.

દાઉદ તથા ગોલ્યાથની વાર્તા, જેમ ૧ શમુએલમાં ચિત્રિત કરી છે, તે આ સુંદર રીતે આપણને દર્શાવે છે - આપણામાંના મોટા ભાગને માટે એક જાણીતી વાર્તા.

અહીં આપણે ગોલ્યાથને ઈસ્રાએલના સૈન્યને એકની સામે એક એમ પડકારતો જોઈએ છીએ. તે થાક્યા વગર તેમની સામે ૪૦ દિવસો સુધી બૂમો પાડે છે અને શાપ આપે છે, જેને કારણે ઈસ્રાએલી ઘણા ભયભીત થઈ જાય છે. અને ઈસ્રાએલના સર્વ માણસો તે માણસને જોઈને તેની આગળથી નાઠા, ને ઘણા બીધા.

જો કે, આવો આપણે, ૧ શમુએલ ૧૭:૨૬માંના દાઉદના પ્રતિસાદને તપાસીએ. "...**આ બેસુન્નત પલિસ્તી કોણ કે તે જીવતા દેવનાં સૈન્યનો તિરસ્કાર કરે?**" દાઉદ પલિસ્તીના શબ્દોને સહન કરી શક્યો નહોતો. જો આપણે નજીદિકથી તેની પ્રતિક્રિયાનું વિશ્લેષણ કરીશું, તો આપણે દાઉદની વ્યહરચનાને જોઈ શકીશું.

તેણે સમસ્યાને તેના ઈશ્વરની સાથે જોડી દીધી હતી, તેમની વિરુદ્ધ કોઈને પણ બોલવા ન દેતા. દાઉદની નજરમાં, આ લડાઈ હવે તેની નહોતી પણ ઈશ્વરની હતી.

ઘણી વખત, આપણે આપણી લડાઈઓ આપણી હસ્તક લેવા અને તેને લડવા માગીએ છીએ. વહાલા મિત્રો, હું અરજ કરું છું કે તમારી લડાઈઓ પ્રભુને સોંપો, તેઓ મહાન લડવૈયા છે. તેઓ તમારી વતી લડશે. કમનસીબે, આપણે આપણી જાતે સ્વતંત્રરીતે દરેક બાબતમાં વ્યવહાર કરવાને પ્રયત્ન કરીએ છીએ અને આપણી જાતને ઘસાવી નાખીએ છીએ, જે આપણને થકવી નાખે છે અને કેટલીક વખત તો આપણને આપણા વિશ્વાસથી દૂર પણ લઈ જાય છે.

## ૩. સર્વ બાબતો સારા માટે કામ કરે છે!

વહાલા ભાઈઓ અને બહેનો, દાઉદને લડાઈના મેદાનમાં લાવવા માટે ઈશ્વરની પાસે ખાસ યોજના હતી. જો કે, દાઉદ શરૂઆતમાં એમ જ માનતો હતો કે તે તેના ભાઈઓને માટે ખોરાક પહોંચાડવાનો હતો, તોપણ ઈશ્વરની પાસે દૈવી યોજના હતી. આ દાઉદને ઈસ્રાએલના રાજા બનાવવા તરફનું પહેલું પગલું હતું. દાઉદને તે સમયે કોઈ કલ્પના નહોતી. ઈશ્વરની પાસે તેને



દાઉદની ગોલ્યાથ સાથે લડાઈ

માટે અકલ્પનીય યોજના તથા આશીર્વાદ રાખી મૂકેલો હતો પણ તેણે પ્રથમ પડકારનો સામનો કરવાનો હતો, લડાઈનો. આ ઘણી રીતે આપણા પોતાના જીવનોને સમાંતર હોય છે. ઘણી વખત આપણે આપણા માટે રાખી મૂકેલા આશીર્વાદો પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે આપણી લડાઈમાં વ્યસ્ત થઈ જઈએ છીએ.

(આગળ પાન ૬ પર...)


# नहेम्याह बाइबल कॉलेज
## रेसिडेन्शल कॉलेज, चेन्नई।

माध्यमः हिन्दी

सदस्यता के लिए पंजीकृत उम्मीदवार - ATA

सुविख्यात अंतर्राष्ट्रीय मसीही अगुवे तथा पिछले 54 वर्षों से सेवारत वरिष्ठ पासवान

Certificate in Ministry
Diploma in Theology

योग्यता 10 वी या अधिक
जल्दी करें!

**Contact : The Chairman, Nehemiah Bible College.**
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

★ ऑनलाइन कक्षाएं उपलब्ध हैं ★

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (રતિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ નવેમ્બર ૨૦૨૩ થી ૧૮ ડિસેમ્બર ૨૦૨૩ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**૧૯ નવેમ્બર** : અમારા **નહેમ્યા બાઈબલ કોલેજોના** ૨૦૨૩-૨૦૨૪ના પ્રથમ સત્રને સફળતાપૂર્વક પૂરૂ કરવામાં આશીર્વાદિત કરવા માટે.

**૨૦ નવેમ્બર** : અમારા સામયિકને ૧૬ ભાષાઓમાં અમારા છાપખાનામાં છપાવવા અને પ્રકાશિત કરીને બહાર મિશન વિસ્તારોમાં મોકલવામાં સહાય કરવા માટે.

**૨૧ નવેમ્બર** : અમારી હોસ્પિટલ મિનિસ્ટ્રીમાં ઈશ્વરના ચમત્કારો માટે.

**૨૨ નવેમ્બર** : અમારા મુખ્ય ચર્ચની અને શાખા ચર્ચોની ભજનસેવાઓ મારફત વણખેડાયેલા જૂથોમાં સુવાર્તા પ્રચાર કરવા માટે.

**૨૩ નવેમ્બર** : અમારા વડિલ પાળકની બહુવિધ મિનિસ્ટ્રીજની મારફતે સુવાર્તાના ફેલાવાની પ્રતિબધ્ધતા માટે.

**૨૪ નવેમ્બર** : અમારી મિનિસ્ટ્રીને સમર્પિત સહસંપાદકોથી આશીર્વાદિત કરવા માટે, જેઓ **ઈકો ઓફ હીજ કોલ** સામયિક મિનિસ્ટ્રીને ટેકો આપી રહ્યા છે.

**૨૫ નવેમ્બર** : અમારા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પરની તેમની દયાને માટે.

**૨૬ નવેમ્બર** : અમારા નિયમિત સમર્થકોને માટે અને અમારી મિનિસ્ટ્રીમાં તેમની સંગતને માટે.

**૨૭ નવેમ્બર** : અમારા કાર્યાલયના કર્મચારીઓ અને છાપખાનાના કર્મચારીવર્ગને તેમની અમારી **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીજ માટેની પ્રતિબધ્ધતા માટે.

**૨૮ નવેમ્બર** : અમને અમારા નવા અંગ્રેજી સહસંપાદિકા બહેન સાજીની ચેરીયન અને આફ્રિકન્સ સહસંપાદક ભાઈ વિલ્હેમ જેકોબસ પ્રિટોરીયસ પૂરા પાડવાના આશીર્વાદ માટે.

**૨૯ નવેમ્બર** : અમારા **ઈકો ઓફ હીજ કોલની** યૂટ્યુબ મિડીયા મિનિસ્ટ્રી મારફત વણખેડાયેલા વિસ્તારોમાં સુવાર્તા ફેલાવવામાં અમને સહાય કરવા માટે.

**30 નવેમ્બર** : અમારા મુખ્ય ચર્ચ અને શાખા ચર્ચોમાં સંડે સ્કૂલમાં વધુ બાળકો પૂરા પાડવાના આશીર્વાદ માટે.

**૦૧ ડિસેમ્બર** : અમારી **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ** અને **નહેમ્યા બાઈબલ કોલેજોના** વિદ્યાર્થીઓ અને શિક્ષકો પરના દૈવી રક્ષણના આશીર્વાદ માટે.

**૦૨ ડિસેમ્બર** : **નહેમ્યા બાઈબલના** નિવાસી અને સાંધ્ય કોલેજોમાં વધુ વિદ્યાર્થીઓ અને વધુ ઉત્સાહ સાથે બીજુ સત્ર શરૂ કરી શક્યા તે માટે.

**૦૩ ડિસેમ્બર** : **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીજની સર્વ પ્રવૃત્તિઓ પર તેમના હાથ માટે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**૦૪ ડિસેમ્બર** : અમારા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબના સભ્યોનું સર્વ પ્રકારના દુષ્ટ પરિબળોથી રક્ષણ કરવા માટે.

**૦૫ ડિસેમ્બર** : અમારા વડિલ પાળકને તેમની આત્મકથા લખવામાં સફળતા માટે.

**૦૬ ડિસેમ્બર** : દુનિયાભરના પાળકો તથા મિશનરીઓના દૈવી રક્ષણને માટે.

**૦૭ ડિસેમ્બર** : અમારા **નહેમ્યા બાઈબલ કોલેજોને** માટે ATA માન્યતા પ્રાપ્ત થાય તે માટે.

**૦૮ ડિસેમ્બર** : અમારા **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન** અને **નહેમ્યા બાઈબલ કોલેજના** કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ માટે.

**૦૯ ડિસેમ્બર** : વિશ્વના કિશોરો અને યુવાનોમાં આત્મહત્યાની ભાવના દૂર થાય તે માટે.

**૧૦ ડિસેમ્બર** : દુનિયાભરમાંથી ચક્રવાત અને ધરતીકંપ જેવી કુદરતી આફતોનું નિવારણ થાય તે માટે.

**૧૧ ડિસેમ્બર** : સર્વ ધર્મમાં એકતા માટે.

**૧૨ ડિસેમ્બર** : અમારા સેવાકાર્યના વિસ્તરણ માટે અને સુવાર્તાના વિશ્વવ્યાપી પ્રચાર માટે.

**૧૩ ડિસેમ્બર** : તેમના કુટુંબોમાંના જુવાનો અને બાળકોના ઉછેર માટે માતાપિતાઓને દૈવી દોરવણી મળે તે માટે.

**૧૪ ડિસેમ્બર** : દુનિયાભરની ખ્રિસ્તી મિનિસ્ટ્રીજમાં મોટી આત્મિક જાગૃતિ થાય તે માટે.

**૧૫ ડિસેમ્બર** : ભારતના મણીપૂર રાજ્યમાં શાંતિ અને ભાઈચારો પાછો આવે તે માટે.

**૧૬ ડિસેમ્બર** : અમારા મુખ્ય ચર્ચમાંના અને શાખા ચર્ચમાંના વિશ્વાસીઓમાં દૈવી રક્ષણ અને સારી તંદુરસ્તી માટે.

**૧૭ ડિસેમ્બર** : અમારા **ઈકો ઓફ હીજ કોલ** યૂટ્યુબ મિડીયા મિનિસ્ટ્રી મારફત અગણિત આત્માઓનું તારણ થાય તે માટે.

**૧૮ ડિસેમ્બર** : અમારા જૂવાનો અને બાળકો માટેના **વૈશ્વિક દર્શનની કાળજી લેનાર** મિનિસ્ટ્રીજમાં આ પેઢીના જુવાનો અને બાળકો માટે પ્રાર્થના કરવા વધુ લોકો નોંધણી કરે તે માટે.

(પાન ૪ પરથી આગળ...)

દાઉદ લડાઈમાં ગોલ્યાથનો સામનો કરે એમ ઈશ્વર ઈચ્છતા હતા. તે ઈશ્વરની દૈવી યોજનાનો ભાગ હતો. જો કે, શેતાન આપણા જીવનોમાંની ઈશ્વરની યોજનામાં વિક્ષેપ પાડવાનું જોતો હોય છે.

## ૪. દૂર ફરી જવાનું શીખો!

જ્યારે દાઉદ ઘણા ઉત્સાહ અને ઉમંગથી બોલી રહ્યો હતો, ત્યારે તેણે એક અવાજ સાંભળ્યો. ૧ શમુએલ ૧૭:૨૮માં, ત્યાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જ્યારે દાઉદના વડા ભાઈ અલીઆબે તે માણસોની સાથે તેને વાત કરતાં સાંભળ્યો ત્યારે તેનો કોપ દાઉદ પર સળગ્યો. તેણે દાઉદને કહ્યું, **"તું અહીં કેમ આવ્યો છે? પેલા થોડાંએક ઘેટાંને તે રાનમાં કોની પાસે મૂક્યાં છે?"** અલીઆબે દાઉદ પર અભિમાની હોવાનો અને તેના હૃદયની દુષ્ટતાનો દોષ મૂક્યો અને કહ્યું કે તે ફક્ત લડાઈ જોવા આવ્યો છે. દાઉદ પરનો આ દોષ તીવ્રતાભર્યો અને દુઃખદાયક હતો.

દાઉદ તેની સાથે કેમ આવું વર્તન કરવામાં આવ્યું હતું કે આવી રીતે તેના પર દોષ મૂકવામાં આવ્યો હતો, તે સમજી શક્યો નહતો અને તેણે પૂછ્યૂ કે તેણે શું ખોટું કર્યુ છે. તેણે પ્રશ્ન કર્યો કે તે શા માટે બોલી પણ ન શકે. આખરે, તેણે પરિસ્થિતિથી દૂર જવાનો નિર્ણય કર્યો, જેમ ૧ શમુએલ ૧૭:૨૯માં અને ૩૦ માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ કલમ મારી સાથે પડઘો પાડે છે કારણ કે કેટલીક વાર આપણે દૂર જતા શીખવાની જરૂર છે. આપણા માર્ગમાં આવતી દરેક લડાઈમાં આપણે સામેલ થવાની જરૂર નથી.

## ૫. તમારા લડાઈના મેદાનનો દુર્વ્યય ન કરો!

વહાલા મિત્રો, કેટલીક પરિસ્થિતિઓમાંથી દૂર જવા માટે ઈશ્વર આપણને કૃપા આપો. તમ સર્વને વધુ મોટા હેતુ માટે તેડવામાં આવ્યા છે અને જેને માટે તમને તેડવામાં આવ્યા છે, તેમાંથી અલીઆબના શબ્દો તમને વિક્ષેપમાં પડવા ન દો. આપણા જીવનોમાં "અલીઆબો"ની સામે લડવાને બદલે આપણે "ગોલ્યાથો"ની સામે લડવા માટે આપણા પ્રયત્નો પર લક્ષ આપવું જોઈએ. તે આપણા માટે સામાન્ય છે અવરોધો અને વિરોધોનો સામનો કરવો જ્યારે આપણે ઈશ્વર પ્રભુની સાથે રહેવા માટે મહત્ત્વપૂર્ણ નિર્ણયો લઈએ છીએ. આ અવરોધો અલીઆબ જેવાં લોકોનાં રૂપમાં આપણી સામે આવી શકે છે. જો કે જો આપણે તેમના આરોપો અને નકારાત્મકતાઓને આપણા પર હાવી થવા દઈએ, તો આપણો ઉત્સાહ, સમર્પિતતા અને આસ્થા કદાચ ઓછા થઈ જશે.

આવો આપણે અલીઆબે જે દોષારોપણો કર્યા હતા, તે તરફ દ્રષ્ટિ કરીએઃ

"તું અહીં કેમ આવ્યો છે?"

"પેલા થોડાંએક ઘેટાંને તેં રાનમાં કોની પાસે મૂક્યા છે?"

"તારો ગર્વ ને તારા હૃદયની દુષ્ટતા હું જાણું છું."

"તું લડાઈ જોવા માટે આવ્યો છે."



**અલીઆબને દાઉદસે પ્રશ્ન પુછા**

જો દાઉદે આ સઘળા દોષારોપણોવાળાં પ્રશ્નોનાં જવાબો આપવાનું શરૂ કર્યુ હોત, તો તે ગોલ્યાથને બદલે અલીઆબ સાથે લડતો રહ્યો હોત. તેના લડાઈનાં મેદાનમાં આવવાનો હેતું પરિપૂર્ણ થયો નહોત. જો ઈશ્વર તમને ગોલ્યાથની સામે લડવા માટે તેડે છે, તો અલીઆબો સાથે તમારો સમય ન વેડફો. તમારી લડાઈઓની પસંદગી ડહાપણથી કરો, આપણી લડાઈ આ જગતના અલીઆબો સામે લડવા માટે નતી પણ ગોલ્યાથો સામે લડવા માટે છે. દૂર ફરી જવાનું શીખો!!

(આગળ પાન ૯ પર...)


**નહેમ્યાહ બાઈબલ સાંધ્ય કોલેજ**

**ચેપોક તથા સંથોષપૂરમ, ચેન્નાઈ**

**માધ્યમ : તામિલ**

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર – ATA

Regd. Candidate for Membership ATA NEHEMIAH BIBLE COLLEGE CHENNAI ECHO OF HIS CALL Estd. 1969

**આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો દ્વારા છેલ્લા ૫૪ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.**

Certificate in Ministry

Diploma in Theology

**શૈક્ષણિક પાત્રતા : ૧૦મું અને વધુ**

**પ્રવેશ લેવા ઝડપ કરો!**

મહેરબાની કરીને સંપર્ક કરો

**Contact : The Chairman, Nehemiah Bible College.**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, BELLS ROAD, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.

Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858

E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## અમારા મુખ્યાલયમાં ચાલતી અમારી મિનિસ્ટ્રીજને માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

૧. પ્રાર્થના ભજનસેવા - ૨૪ ક્લાકો.
૨. **બાઈબલકોર** - બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અંગ્રેજી, તામિલ અને હિન્દી.
૩. **ઈકો ઓફ હીજ કોલ** - માસિક સામયિકો : અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૪. નહેમ્યાહ બાઈબલ કોલેજો - (બે કેન્દ્રો) (સાંધ્ય / નિવાસી)
૫. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૬. મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું)
૭. તાલિમ કાર્યક્રમો
૮. ક્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની શાખા - રવિવારે સવારે ૮.૩૦ અને સાંજે ૪.૦૦ વાગે.
**૧૩. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે અને ૧૦.૦૦ વાગે**
**૧૪. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૪.૦૦ વાગે**
**૧૫. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૧૬. અંગ્રેજીને તામિલ ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
૧૭. મહિલાઓની પ્રાર્થના - બુધવારે સાંજે ૫.૦૦ વાગે
૧૮. પૂરૂષોની પ્રાર્થના - શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે
૧૯. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૦. ગૃહ બેઠકસભા - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૧. ખાસ પ્રભુ ભોજન - મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૨. સેવકોની સમીક્ષા બેઠક - પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૨૩. માતાપિતાઓની પ્રાર્થના - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૪. રાત્રી પ્રાર્થના - બીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૨૫. ઉપવાસ સાથેની પ્રાર્થના - ત્રીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૨૬. પવિત્ર સહભાગીતા/પ્રભુ ભોજન - બીજા રવિવારની ભજનસેવા વખતે
૨૭. સવારની ભક્તિ - દરરોજ સવારે ૫.૦૦ વાગે
૨૮. કર્મચારીઓની તાલીમ - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૨૯. કાયાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ (રવિવાર સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace


(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**“જે વાંચે, તે સમજે” (માથ્થી ૨૪:૧૫)**

## તેમનો કોઈ હેતુ તેમની પાસેથી રોકી શકાતો નથી

NO PURPOSE OF HIS CAN BE WITHHELD FROM HIM!

વર્ષ ૧૯૬૯માં, જ્યારે મેં પ્રભુ ઈસુ ખ્રિસ્તને મારા વ્યક્તિગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા, ત્યારે હું પાળક એસ. દેવાદાસન, જેઓ ‘હેરોલ્ડ ઓફ હીજ કમિંગ’ના સંપાદક હતા, તેમની મિનિસ્ટ્રી સાથે જોડાયો હતો. તેમણે મને યહોવા પ્રભુની સેવા કરવા માટે આત્મિક



પાસ્ટર એસ. સામ સેલ્વરાજ અને પાળક એસ. દેવાદાસન

તાલિમ આપી હતી અને હું તેમની સાથે ૩ વર્ષ સુધી રહ્યો હતો.

એક રાત્રીએ હું તેમની સાથે ઘણા સમય સુધી પ્રાર્થના કરી રહ્યો હતો. અચાનક તેમણે મારી સાથે બોલવાનું શરૂ કર્યું કે ભવિષ્યમાં આ વિશ્વ કેવું હશે અને યહોવા પ્રભુ મારા માટે ભવિષ્યમાં શું કરવાના છે. તેમણે મારી બાબતો વિશે કહ્યું. તે સમયે, હું તે બાબતો વિશે વિચારી પણ શક્યો. નહોતો. મારી પાસે શૈક્ષણિક લાયકાત નહોતી કે પૈસા નહોતા કે માનવબળ નહતુ કે હું મોટી મિનિસ્ટ્રીજ કરી શકુ જે વિશે તેમણે ભવિષ્ય ભાખ્યું હતું કે હું ભવિષ્યમાં તે કરીશ!

મેં મારી મર્યાદાઓ વિશે તેમને સમજાવ્યું અને કહ્યુ કે, “પાસ્ટર જો હું યહોવા પ્રભુની સેવામાં રહું તે પણ ઘણું છે.” તેમણે જવાબ આપ્યો. “ત્યાં બે બાબતો છે, જે સામાન્ય માણસે વધુ ઊંચાઈએ લઈ જવાની જરૂર છે. તે છે, અ) **વિશ્વાસ** અને બ) **નિર્મળ અંતઃકરણ** જેમ તિમોથીને ૧લા પત્ર ૧:૧૯માં કહેવામાં આવું છે જો તમે તેમને તમારી નજરમાં સલામત રાખવાની કાળજી લો છો, તો તમે ચોક્કસ આ બધી આત્મિક ઊંચાઈઓ મેળવી શકો છો, જેનો મેં તમને હમણા જ ઉલ્લેખ કર્યો હતો.” આ સર્વ વર્ષોમાં યહોવા પ્રભુએ મને તે બાબતોની મારી શ્રેષ્ઠ યોગ્યતા સાથે કાળજી લેવામાં સહાય કરી હતી.

આ લેખ લખવાની મેં શરૂઆત કરી તેના થોડા જ સમય પહેલા યહોવા પ્રભુએ મારી સાથે વાત કરી. હું કંઈપણ બોલી શક્યો નહોતો અને તેમના સૌમ્ય ધીર અવાજને સાંભળવા માટે મારા કાન તૈયાર હતા! તેમણે મને કહ્યું, “મારા વહાલા દીકરા, જે મકાનમાં તું ઊભો છે, તેને વિશે થોડી વાર વિચાર કર. તે આ મકાન કેવી રીતે મેળવ્યું છે? આ મકાનમાં હાલમાં ચાલી રહેલી મિનિસ્ટ્રીજ વિશે વિચાર કર. ભોંયતળીયે જે આધુનિક તકનીકીથી સજ્જ સુવાર્તા છાપખાનું છે, તેની તરફ જો! શું તે ક્યારેય મનન કર્યુ છે જે મારું ચર્ચ પહેલાં માળ પર છે, જ્યાં ચોવીસ કલાક પ્રાર્થના ભજનસેવા ચાલુ રહે છે? પહેલા માળની બીજી તરફ જે **નહેમ્યા બાઈબલ કોલેજ મિનિસ્ટ્રી** અને જુવાનોની મિનિસ્ટ્રીજ કોલેજના છોકરાઓ અને છોકરીઓ માટે ભરાય છે, તેને માટે તે વિચાર કર્યો છે? બીજા માળ પર કાર્યરત રહેલી **ઈકો ઓફ હીજ કોલ** વહીવટી કાર્યાલય વિશે તે ક્યારેય વિચાર કર્યો છે?

તારી મર્યાદાની બહાર મિનિસ્ટ્રીજ ચલાવવા માટે મેં તને ઘણા હારૂનો અને યહોશુઆઓ આપ્યા છે, તારા કરતા વધુ કાર્યશીલ અને વધુ ડહાપણભર્યા, તને હમણા અને પછી મદદ કરવા અને તને આશીર્વાદિત કરવા. જો કે તું આ આશીર્વાદો વિશે વિચાર કરતો નથી, પણ હું તારા માટે હમેશાં વિચાર કરું છું. મેં તને હાંક મારી ત્યારે તું કેવો હતો? હવે તું કેવો છે? હું તારી મિનિસ્ટ્રીજને વધુ વિસ્તારીશ. જેમ મારા સેવક પાળક એસ. દેવાદાસને તને શીખવ્યુ છે, **તારા વિશ્વાસમાં અને અંતઃકરણમાં નિર્મળ રહે. તારા જીવનના મુશ્કેલ અને કઠીણ માર્ગો પર તુ ચાલે ત્યારે નિરાશ ન થા.** તે શું તે હું નથી જેમણે તને તેડ્યો છે? જે મારા મુખથી મેં તારી સાથે વાત કરી છે, તે મારા પોતાના હાથોએ તે હું પરિપૂર્ણ કરીશ. હિમ્મતવાન થા અને કશાથી બીતો નહિ.

કેટલીક વખત, જે અદ્દભૂત અને મહાન બાબતો યહોવા પ્રભુએ મારી મારફત કરી છે, તે સમજવામાં હું પૂર્ણપણે અસમર્થ થઈ જાઉં છું. વહાલા ભાઈ, બહેન, તમારા આગેવાનોનું માનો જેમને ઈશ્વરે તમારી આગળ મૂક્યા છે. દુન્યવી રીત પ્રમાણે ન ચાલો પણ આગેવાનીમાં સમર્પિઅત થાઓ અને તમારો વિશ્વાસ અને નિર્મળ અંતઃકરણ રાખો. તમારી મારફતે તેઓ મહાન કૃત્યો કરશે. તમારો ઉપયોગ કરીને મોટા, મહાન કૃત્યો કરતા ઈશ્વરને કોઈ રોકી શકશે નહિ. હું સર્વ ગૌરવ તથા માનમહિમા ફક્ત ઈશ્વરને જ આપું છું.

- X - X - X - X -

(પાન ૬ પરથી આગળ...)

### ૬. તે તરફ દોડી જવાનું શીખો

આપણે ક્યારે દૂર જતા રહેવું અને ક્યારે તે તરફ દોડી જવું, તે શીખવાની જરૂર છે. ૪૮મી કલમમાં આપણે જોઈએ



છીએ કે દાઉદ ગોલ્યાથની સામે લડવા માટે લડાઈની સીમા તરફ દોડ્યો હતો. જ્યારે દરેક જણ ગોલ્યાથથી દૂર નાસી જતા હતા, ત્યારે દાઉદ તેની તરફ દોડ્યો હતો. તમારી લડાઈઓને પસંદ કરવાનું શીખો. નિરાશાના શબ્દોને, દોષારોપણોને, જૂઠાણાંને, અપમાનિત થવાને અવગણવાનું શીખો. તમારા જીવનનો હેતુ સમજો અને તેની તરફ દોડો. છોડી દેશો નહિ!

દાઉદ તેની જુવાન વયે જ તેની લડાઈઓ પસંદ કરવાનું શીખ્યો હતો. તેના જીવન દરમિયાન દાઉદને સતત લડાઈઓ લડવી પડી હતી,માત્ર તેના શત્રુઓ સામે લડાઈના મેદાનમાં જ નહિ, પણ તેના નજીકના કુટુંબના સભ્યો સાથે પણ.

### ૭. તમારી લડાઈઓને યહોવા પ્રભુની તરફ દોરી લઈ જાઓ!

૨ શમુએલ ૧૬માં, આપણે એક વૃધ્ધ, પરીપક્વ, થાકેલા દાઉદને જોઈએ છીએ. હવે તે તેના દીકરા આબ્શાલોમથી નાસતો ફરતો હતો, જેણે તેનું રાજ્ય છીનવી લીધું હતું. તે સમયે જ્યારે તેને લાગતું હતું. હતું કે તે હવે આરામ, વિસામો કરી શકશે અને તેના છોકરાંઓ પર આધાર રાખી શકશે, ત્યારે તેને તેના જીવનને બચાવવા નાસવું પડ્યું હતું! દાઉદ શારીરીક માનસિક અને ભાવનાત્મક રીતે થાકેલો હતો. આ સમયે, તેનો ભેટો શિમઈ સાથે થાય છે, જે શાઉલનો સગો હતો, જેણે તેની તરફ બૂમો પાડતા કઠોર શબ્દો વાપર્યા હતા અને દાઉદને શાપ આપ્યો હતો.



શિમઈએ દાઉદને શાપ આપ્યો

**શિમઈએ શાપ દેતાં આમ કહ્યું કે, હે ખૂની તથા બલિયાલના માણસ, જતો રહે, જતો રહે; શાઉલ કે, જેને ઠેકાણે તેં રાજ કર્યું છે, તેના કુટુંબના સઘળા રક્તનો બદલો યહોવાએ તારા પર વાળ્યો છે; અને યહોવાએ તારા દીકરા આબ્શાલોમના હાથમાં રાજ્ય સોંપ્યું છે, અને જો, તું તારી પોતાની દુષ્ટતામાં સપડાયો છે, કેમ તું ખૂની માણસ છે.** (૨ શમુએલ ૧૬:૭,૮)

શું તમે કલ્પના કરી શકો છો કે આટલું બધુ ઈસ્રાએલના લોકો માટે અને શાઉલના કુટુંબને માટે કર્યા પછી દાઉદને કેવું લાગ્યું હશે? હજુ પણ તેને ખૂની તથા બલિયાલના માણસ તરીકે દોષિત ગણવામાં આવતો હતો. દાઉદ કેવી પીડા અને દુ:ખમાંથી પસાર થઈ રહ્યો હશે, તેની હું કલ્પના કરી શકતી નથી. કદાચ જ્યારે તમે આ વાંચતા હશો, તમે કહેશો, ''આ મારા જીવન જેવું જ વધુ લાગે છે! આ સર્વ કર્યા પછી, મને શું મળ્યું તો અપશબ્દો અને દોષારોપણો. આને માટે ચોક્કસ હું લાયક નથી!''

જે કોઈપણ દાઉદની જગ્યાએ હોત તો સાધારણ રીતે શિમઈની તરફ બૂમો પાડવા અને પાછો લડવા લાગ્યો હોત. અલબત, દાઉદના એક માણસે કહ્યુ પણ કે, ''આ મૂએલો કૂતરો મારા મુરબ્બી રાજાને શા માટે શાપ દે? કૃપા કરી મને જવા દે કે, હું તેનું માથું કાપી નાખું''. પણ દાઉદના પ્રતિસાદ તરફ જુઓ. ફરીથી દાઉદ તેની સમસ્યાઓ અને પડકારોને ઈશ્વરની સાથે જોડે છે. તે કહે છે, ભલે તે શાપ આપતો કે બોલતો. **''કદાચ યહોવા મારા પર ગુજરેલો અન્યાય લક્ષમાં લેશે, ને જે શાપ તે આજે મને દે છે તેનો સારો બદલો યહોવા મને આપશે.''** (૨ શમુએલ ૧૬:૧૨). મૂળભૂત રીતે, તે જાહેર કરી રહ્યા હતો કે જે પીડામાંથી હું પસાર થઈ રહ્યો છું, તેનો યહોવા પ્રભુ મને બદલો આપશે. કલમ ૧૧માં દાઉદ કહે છે, કે યહોવાએ તેને ફરમાવ્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો, તે કહે છે, ઈશ્વરે આ થવા માટે મંજૂરી આપી છે. આપણને આ ખાતરીની જરૂર છે. ''... જ્યાં સુધી યહોવા પ્રભુ તેને મંજૂરી આપે છે, ત્યાં સુધી મારા જીવનમાં કંઈપણ થશે નહિ અને જો તેઓ મંજૂરી આપે તોપણ અંતે તે મારા માટે આશીર્વાદ જ હશે.''

વહાલા મિત્રો, આપણા પ્રભુએ પણ તેમની લડાઈઓ પસંદ કરવી પડી હતી. જ્યારે તેમને પ્રશ્ન કરવામાં આવ્યો હતો, બાઈબલ કહે છે કે, ઈસુ ખ્રિસ્ત શાંત રહ્યા હતા, ફક્ત એક વખતને છોડીને. તેવી જ રીતે, આપણે શાંત રહેવા, ચૂપ રહેવા, શીખવાની જરૂર છે અને આવો ઈશ્વરને આપણી લડાઈઓ લડવા દઈએ. આવો આપણી લડાઈઓ પસંદ કરવાની ઈશ્વર આપણને પસંદગી આપો. ઈશ્વરને ઈશ્વર જ રહેવા દો:

✦ ✦ ✦ ✦ ✦ ✦


## તાત્કાલિક

**અમને અમારા નહેમ્યા બાયબલ કૉલેજો માટે લગભગ ૧૦૦૦ હિન્દી ખ્રિસ્તી પુસ્તકોની જરૂર છે. કૃપા કરીને અમને થિયોલોજીકલ હિન્દી પુસ્તકોની પ્રાપ્તિની શક્યતા જણાવો.**

- Pr. S. Sam Selva Raj, Editor
+91-98412 71858

## લાઈબ્રેરી માટે પુસ્તકોની જરૂરીયાત

અમને અમારા **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ** અને **નહેમ્યા બાઈબલ કોલેજો**ની લાઈબ્રેરી માટે તામિલ, અંગ્રેજી અને હિન્દી ભાષામાં પુસ્તકોની જરૂર છે. જો તમારી પાસે નવા કે જુના પુસ્તકો સારી સ્થિતિમાં હોય અને તે તમે દાન કરવા ઈચ્છતા હો, તો કૃપા કરીને અમારો સંપર્ક કરશો.

- Pr. S. Sam Selva Raj, Editor
+91-98412 71858

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

## ઈકો ઓફ હીઝ કોલ

### યુટ્યુબ

**સબસ્ક્રાઈબ કરો**

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીઝ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– સંપાદક

## OUR BANK DETAILS:

### 1. Bank : State Bank of India

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### 2. Bank : ICICI Bank

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### 3. Bank : State Bank of India

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**

*****

**E.mail : sam@echoofhiscall.org**

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

**વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-** **આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-**

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
**Postal Regn. No. TN/CH/(C)/203/21-23**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**
**on 16th NOVEMBER 2023**
**If un-delivered please return to:**
**ECHO OF HIS CALL (GUJARATI)**
**P.O. Box No. 2957,**
**Chepauk, Chennai - 600 005, INDIA.**
**Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**